# નવાનગર પ્રા.શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો



મેઘરજ તા. ૨૦

ઢાંખરોલના વતની વિનોદચંદ્ર જીવાભાઈ પ્રજાપતિ પ્રા.શિક્ષક નવાનગર પ્રા. શાળા મેઘરજ જેઓ નિવૃત થતાં આજ રોજ મેઘરજ ગાયત્રી પ્રજ્ઞા પીઠ ખાતે માનનીય ડી.પી.ઈ.ઓ. બહેન તથા માનનીય ના.ડી.પી.ઈ.ઓ.સમીરભાઈ સાહેબના વરદ હસ્તે યોજવામાં આવ્યો.અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષક સંઘના હોદેદારો તથા ધનસુરા તાલુકાના જુની શિણોલ જુથના તમામ શિક્ષક ભાઈ બહેનો હાજર રહ્યા.સી.આર.સી જૂની શિણોલ તથા મેઘરજના સી.આર.સી.તથા ટી.પી.ઈ.ઓ.મેઘરજ તમામે નિવૃતિ લઈ રહેલા વિનુભાઈ પ્રજાપતિ ની શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી ને બિરદાવી.અને શુભેચ્છા પાઠવી. સાથી શિક્ષક મિત્રોએ વિનુભાઈ ને ભેટ સોગાદ આપી નવાજ્યા.અંતમા સૌ કોઈ ભોજન લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.

# અરવલ્લીના જંગલ વિસ્તારમાં સસલાંનો ખુલ્લેઆમ શિકાર...

## ■ શિકારીઓ સક્રીય થતાં સસલાંના અસ્તિત્વ ઉપર જોખમ ■

બાયડ (બ્યુરોઓફિસ), તા.૨૦


અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જંગલોમાં તેમજ ખુલ્લા મેદાનમાં વિહરતા તૃણભક્ષી સસલાંના અસ્તિત્વ ઉપર જોખમ ઉભું થયું છે. છેલ્લા કેટલાય સમયથી શિકારીઓ સસલાંના શિકાર માટે સક્રીય થયા છે અને ધોળે દિવસે સસલાંને ઘેરો ઘાલી પથ્થરો ઝીંકી મોતને ઘાટ ઉતારી માંસની મીજબાની માણી રહ્યા છે તો બીજી તરફ વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિથી શિકારીઓને છૂટો દોર મળી ગયો છે.

જિલ્લામાં જંગલોમાં લીલાં વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે અને હવે વન્ય પ્રાણીઓનું અસ્તિત્વ પણ નામશેષ થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. વન વિભાગના જાડી ચામડીના અધિકારીઓ દર વર્ષે વન્ય પ્રાણીઓના માયાવી આંકડા રજૂ કરે છે પરંતુ સ્થિતિ કંઈક અલગ જ જોવા મળતી હોય છે. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીઓના ખુબ તાયફા થાય છે પરંતુ વન્ય જીવોની સુરક્ષા અદ્ધરતાલ રહેતી હોય છે. અરવલ્લી જિલ્લામાં જંગલમાં વિહરતાં સસલાં ઉપર



શિકારીઓનું જોખમ વધ્યું છે. ધોળે દિવસે નદી વિસ્તારમાં તરસ છીપાવવા માટે સસલાં જતાં હોય છે પરંતુ અગાઉથી ઘાત લગાવીને બેઠેલા શિકારીઓ તેમને ઘેરો ઘાલી આંતરતા હોય છે અને સસલાંને દોડાવી પથ્થરોના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતા હોય છે. છેલ્લા કેટલાય સમયથી અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રકારે સસલાંનો ખુલ્લેઆમ શિકાર થઈ રહ્યો છે ત્યારે વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાંથી નહીં જાગે તો જંગલી સસલાં નામશેષ થઈ જવાની દહેશત છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોળે દિવસે શિકારીઓ સસલાંના શિકાર કરતા જોવા મળી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સસલાંને મોતને ઘાટ ઉતારી માંસની મીજબાનીનાં આયોજનો થતાં હોવા છતાં વન વિભાગ બેખબર બની રહેતું હોય છે જેના કારણે તૃણાહારી પ્રાણીઓ જંગલ વિસ્તારમાંથી લુપ્ત થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

## જન્મદિને વધામણી



ડો.હર્ષદભાઈ એમ.પટેલ
સાયરા (અમદાવાદ)



વિસ્મય રાકેશભાઈ પટેલ
બાયડ ગામ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

### શેષ ફી ની આવક બંધ થતાં અનેક કર્મચારીઓ છુટા થવાની નોબત

# જિલ્લાના ૧૩ માર્કેટયાર્ડની આવક ઘટતાં આર્થિક સંકળામણની સંભાવના

## લાખો રૂપિયા આપી નોકરી મેળવનારા કર્મચારીઓની ઉંઘ હરામ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૦

શેષ ફી ની આવક બંધ થતાં જિલ્લાના ૧૩ માર્કેટયાર્ડની આવકમાં અગાઉના વર્ષો કરતાં ચોંકાવનારી રીતે આવક ઘટી રહી છે. આવક ઘટતાં માર્કેટયાર્ડો આર્થિક સંકળામણમાં આવતા મિલકતો વેચીને ખોટ સરભર કરવી પડે તેવી સ્થિતિ ભવિષ્યમાં આવી શકે છે. શેષ ફીની આવક બંધ થતાં કર્મચારીઓના પગાર અનેક યાર્ડો માટે ભારરૂપ બન્યા છે તે જોતાં વર્ષ-૨૦૨૨ના આરંભે અનેક કર્મચારીઓની નોકરી જઈ શકે છે. લાખો રૂપિયા આપી નોકરી મેળવનારા કર્મચારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લાની સહકારી સંસ્થાઓમાં પાછલાં ૨૦ વર્ષથી મામકાઓને ગોઠવી દેવાની ફેશન થઈ ગઈ છે. અહિંયા મેરીટ નહિ પરંતુ ડિરેક્ટરોના સગાં કે પછી ડિરેક્ટરોને લાખો રૂપિયા આપ્યા હોય તો જ નોકરી મળે અને તેમાં પોતાના ખેતર ધંધાની દેખરેખ રાખી શકે તેવા સ્થળે નિયુક્તિ આપવામાં આવે છે. પોતાની આગવી પ્રતિભાથી નોકરી મેળવી હોય તેવા ૨ થી ૫ ટકા માંડ કર્મચારીઓ હશે. પરંતુ હવે ભરતી માટે ખંખેરવામાં આવેલા પૈસાની સ્ફોટક વિગતો પ્રકાશમાં આવે તેવી પૂરી સંભાવના છે. જિલ્લાના માર્કેટયાર્ડોમાં ખેડૂતોનો ખેતપેદાશના ઓછા ભાવ મળી રહ્યા છે જેથી ખેડૂતો બહાર ખાનગી વેપારીઓને પાક વેચી પોષણક્ષમ ભાવ કરતા પણ વધુ ભાવનો ફાયદો ઉઠાવે છે તેથી અનેક માર્કેટયાર્ડોમાં ખેતપેદાશની આવક ઘટી રહી છે. જિલ્લાના કેટલાંક યાર્ડોમાં ખેતપેદાશનો સારો ભાવ મળતો હોય તો અન્ય યાર્ડોમાં મણદીઠ રૂપિયા ૩૦૦-૪૦૦નો ઓછો ભાવ આપી ખેડૂતોને લૂંટવાનો કારસો શરૂ કરવામાં આવ્યો છે. યાર્ડોના કેટલાંક વેપારીઓ સત્તાધીશોને ખરીદી લીધા હોય તેમ મનસ્વી રીતે હરાજીમાં ભાગ લેવા આવે અને ન પણ આવે. આવી સ્થિતિમાં અનેક યાર્ડોથી ખેડૂતો મોં ફેરવીને નજીકના યાર્ડોમાં ખેતપેદાશ વેચવા જઈ રહ્યા છે અને શેષ ફીની આવક બંધ થતાં અનેક યાર્ડો દેવાદાર બને તેવી સંભાવના વધતાં બોજારૂપ બનનારા કર્મચારીઓને ગમે ત્યારે નોકરીમાંથી રૂખસદ મળી શકે છે.

# ઉત્તર ગુજરાતમાં કપાસના ખેતરોમાં બાળ મજૂરીનું દૂષણ : બાળ મજદૂર કાયદો કાગળ પર અમલી

હિંમતનગર તા.૨૦

ઉત્તર ગુજરાતમાં કપાસની સીઝન શરૂ થતાંની સાથે બાળ મજૂરીનું દૂષણ કપાસના પ્લોટીંગમાં જોવા મળી રહ્યું છે. કપાસના ખેતરોમાં અન્ય જિલ્લાના બાળ મજૂરોને દલાલો દ્વારા ધકેલી સવાર થી સાંજ સુધી કપાસ વિણવાની મજૂરી નરી આંખે દેખાતી હોવા છતાં બાળ મજદૂર કાયદો માત્ર કાગળ ઉપર અમલી બની રહ્યો છે. ખેતરોમાં બાળ મજૂરીના દૂષણ ઉપર અંકુશ મૂકવામાં નહીં આવે તો આવાં બાળકોના ભવિષ્યને માઠી અસરની દહેશત ઉભી થઈ છે.





દર વર્ષે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં મોટાપાયે કપાસનું વાવેતર થતું હોય છે. કપાસ વિણવાની સીઝનમાં સ્થાનિક મજૂર સમયસર મળતા ન હોવાથી અન્ય જિલ્લાના શ્રમજીવીઓ પાસે કપાસના પ્લોટીંગમાં કામ કરાવાતું હોય છે. પરંતુ પાછલા કેટલાક વર્ષોથી કપાસના ખેતરોમાં બાળ મજૂરો પાસે મજૂરી વધુ કરાવાતી હોય છે જેથી અગાઉના વર્ષોમાં રાજસ્થાનમાંથી બાળ મજૂરો ઉત્તર ગુજરાતમાં લાવી દલાલો ખેતરોમાં કાળી મજૂરી કરાવતા હોવાથી સરહદે બાળ મજદૂર અધિકારીઓએ વોચ ગોઠવી દૂષણ નાથવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ત્યાર પછી બાળ મજદૂર કાયદો વિસારે પડી ગયો. ઉત્તર ગુજરાતમાં હાલમાં કપાસની સીઝન શરૂ થતાંની સાથે જ ખેતરોમાં ઠેકઠેકાણે કુમળી વયનાં બાળકો બાળ મજૂરી કરતાં જોવા મળી રહ્યાં છે. પરિવારજનો પાસે આવક મેળવવાનું બીજું કોઈ સાધન ન હોવાથી બાળકો પાસે ખેતરમાં મજૂરી કરાવવા માટે મજબૂર બની રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો દલાલો સક્રીય થયા છે અને અન્ય જિલ્લાના બાળકોને કપાસના પ્લોટીંગ સુધી મોકલી આપતા હોય છે. છેલ્લા કેટલાય સમયથી ઠેકઠેકાણે ખેતરોમાં બાળકો કપાસ વિણવાનું કામ કરતા સામાન્ય માનવીને પણ નજરે પડે છે પરંતુ બાળ મજદૂર અધિકારીઓને આ દૂષણ દેખાતું નથી. જેના કારણે વધુ ને વધુ બાળકો કપાસના ખેતરોમાં મજૂરી કરતાં જોવા મળતાં હોય છે. એકપણ જિલ્લામાં હજુ સુધી બાળ મજદૂર કાયદા અંતર્ગત કોઈ ઠોસ કદમ ઉઠાવાયો ન હોવાથી કપાસના પ્લોટીંગમાં બાળ મજૂર જોવા મળવાએ સામાન્ય બાબત બની રહી છે.

# છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી બંધ મોડાસા-નડિયાદ રેલ્વે શરૂ કરવા અરવલ્લી જિલ્લા નિવૃત્ત કર્મચારી ઓ અને ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન મંડળની માંગ

ધાનેરા,તા.૨૦

છેલ્લા દોઢ વર્ષ થી વધુ સમયથી બંધ મોડાસા-નડિયાદ રેલ્વે શરૂ કરવા ધનસુરા - અરવલ્લી જિલ્લા નિવૃત્ત કર્મચારી ઓ અને ધનસુરા સિનિયર સિટીઝન મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે મોડાસા-નડિયાદ રેલ્વે છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી બંધ છે હાલ લાખોના ખર્ચે શરૂ કરેલ રેલ્વેના પાટા અને સ્ટેશન ધુળ ખાય છે વર્ષો બાદ અરવલ્લી ના આ વિસ્તાર માં રેલ્વે આવી હતી કોરોના બાદ અંદાજે દોઢ વર્ષથી વધુ સમયથી આ રેલ બંધ છે આ રેલ્વે માં ગરીબ મધ્યમ વર્ગ અને નિવૃત કર્મચારીઓ સિનિયર સિટીઝન નડિયાદ-વડોદરા કામ હોય તો આરામથી બેસીને મુસાફરી કરી શકતા સીનિયર સિટીઝનો અને નિવૃત્ત કર્મચારી મંડળ એ માંગણી કરી છે કે આ રેલ્વે ને ૧૫ દિવસમાં શરૂ કરવામાં આવે નહીતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરી રસ્તા રોકો કાર્યક્રમ આપવાની ફરજ પડશે નિવૃત્ત કર્મચારી મંડળ અને સિનિયર સિટીઝન મંડળ એ જિલ્લા કલેક્ટર શ્રી ને નમ્ર વિનંતી કરી છે કે આ રેલ્વે શરૂ થાય તો પેસેન્જર તેનો લાભ લઈ મુસાફરી કરી શકે.

# પ્રાંતિજના સીતવાડા ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

## માં કેશર ભવાની માતાજીના ફોટાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો : છ યજમાનોએ ભાગ લીધો

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ માં કેશર ભવાની માતાજીના ફોટા નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

પ્રાંતિજ ના સીતવાડા ખાતે આવેલ માં કેશર ભવાની માતાજીના મંદિર ખાતે માતાજી ના ફોટાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમા છ યજમાનોએ ભાગ લઈ ને ધન્યતા અનુભવી હતી તો શાસ્ત્રી વસંરામ મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે પુજા કરવી હતી તો ગ્રામજનો સહિત આજુબાજુના ધર્મ પ્રેમી લોકો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



# ધાનેરામાં કોંગ્રેસના કમળાબેન નાયી બીન હરીફ પ્રમુખ બન્યા

## ધાનેરા નગરપાલિકામાં છેલ્લા ચાર વર્ષમાં આઠ નગરપાલિકા પ્રમુખો બદલાય

ધાનેરા તા. ૨૦

ધાનેરા નગરપાલિકાની બીજા ટ્રમની ચૂંટણી બાદ ધાનેરા નગર પાલિકા માં પ્રમુખની ચુંટણી યોજાઈ રહી છે ત્યારે ધાનેરા નગર પાલિકામા બીજા ટર્મમાં ૯ પ્રમુંખ ની ચૂંટણી યોજાઈ છે ત્યારે ધાનેરા માં સાતમા કોંગ્રેસના કમળાબેન રમેશભાઈ નાઈની બીનહરીફ વરણી કરવામાં આવી ધાનેરા નગરપાલિકાના સભ્યો ઉપર ભ્રષ્ટાચાર ના મામલે ગાંધીનગર વિકાસ કમીશનર અને હાઈકોર્ટમાં કેશ ચાલતો હોવાથી કોંગ્રેસના સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા ત્યારથી તારીખો ઉપર તારીખો પડતાં બીજી ટર્મ મા વારંવાર પ્રમુખો બદલાતા રહે છે.હાલમા પ્રમુખ નો ચાર્જ ઉપપ્રમુખ શંકરભાઈ પટેલ સંભાળી રહ્યા હતા પરંતુ આજે નવા પ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં ભાજપના એક પણ સભ્ય હાજર રહ્યા ન હતા જેના લીધે નાયબ કલેકટરશ્રી યોગેશભાઈઠક્કર ની ઉપસ્થિતિ માં ચુંટણી યોજવામાં આવતા કોંગ્રેસ તરફથી એક જ ફોર્મ ભરાયું હતું જયારે ભાજપના એકપણ સભ્યો હાજર ના રહેતા સામે બીનહરીફ ઉમેદવાર ના હોવાના લીધે નાયબ કલેકટરશ્રી દ્વારા કોંગ્રેસના કમળાબેન રમેશભાઈ નાઈને બીનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા જોકે નવા પ્રમુખ ના માથે પણ લટકતી તલવાર જેવુ છે કેમકે ૨૧ તારીખે ગાંધીનગર વિકાસ કમીશનર નું ૨૫ સભ્યોને ગેરરીતિઓ બાબતે તેડુ હોવાથી નવાજુની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.



# ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના સાબરકાંઠા તથા અરવલ્લી જીલ્લાના વિવિધ તાલુકાની શાખાના પ્રમુખ તથા ઉપપ્રમુખની બિન હરીફ વરણી

હિમતનગર તા.૨૦

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, અમદાવાદ ના માનનીય ચેરમેની ડોલર ભાઈ કોટેચા તથા વાઈસ ચેરમેન શ્રી ફલજીભાઈ જી. પટેલ તમામ પ્રમુખ તથા ઉપપ્રમુખને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવે છે. જેમાં ઈડર શાખા : બેચરભાઈ સવજીભાઈ પટેલ(પ્રમુખ), મગનભાઈ મણાભાઈ પટેલ (ઉપપ્રમુખ), ખેડબ્રહ્મા શાખા : રવિન્દ્રભાઈ મોતીભાઈ પટેલ(પ્રમુખ), હિતેષકુમાર મહેન્દ્રભાઈ પટેલ(ઉપપ્રમુખ), ભિલોડા શાખા : શામળભાઈ કચરાભાઈ પટેલ (પ્રમુખ), મનિષકુમાર હરીભાઈ પટેલ (ઉપપ્રમુખ), વિજયનગર શાખા : બાબુભાઈ માંગાભાઈ પટેલ (પ્રમુખ) પંકજકુમાર રામજીભાઈ પટેલ (ઉપપ્રમુખ), મેઘરજ શાખા : રેવાભાઈ કેશાભાઈ પટેલ (પ્રમુખ) દલજીતસિંહ બેચરસિંહ ચૌહાણ (ઉપપ્રમુખ), માલપુર શાખા : જાયમલસિંહ લાખાજી ખાંટ (પ્રમુખ), કરશનભાઈ સખાભાઈ પટેલ (ઉપપ્રમુખ), હિંમતનગર શાખા : બાબુભાઈ મુળજીભાઈ પટેલ (પ્રમુખ) સમીરભાઈ ભીખાભાઈ પટેલ (ઉપપ્રમુખ),બાયડ શાખા : જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ પટેલ (પ્રમુખ), જગદીશભાઈ જીવણભાઈ પટેલ (ઉપપ્રમુખ), મોડાસા શાખા : પુનમભાઈ હીરાભાઈ પટેલ (પ્રમુખ), નટવરભાઈ જેસંગભાઈ પટેલ (ઉપપ્રમુખ), પ્રાંતિજ શાખા : કાળુસિંહ રામસિંહ ચૌહાણ (પ્રમુખ), બાબુભાઈ કેશાભાઈ પટેલ (ઉપપ્રમુખ)ની નિમણૂંક કરી છે.





ધનસુરા ખાતે શહીદ વીર હરિશસિંહ પરમાર ને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વણઝારિયા ગામના શહીદ વીર હરીશસિંહ પરમાર માતૃભૂમિ ની રક્ષા કરતા શહીદ થયા હતા ધનસુરા તાલુકા ઠાકોર સમાજ તેમજ ધનસુરા મેટર કિંગ ગૃપ ધ્વારા આ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને મીણબત્તી પ્રગટાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ભિલોડાના નવી વસાવટમાં ઈદે-એ-મિલાદના તહેવાર નિમિત્તે વિશેષ સન્માન સમારોહ કાર્યક્રમ

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવી વસવાટમાં ગરીબ નવાઝ દરગાહ પાસે મહંમદ પયગંબર સાહેબના જન્મ દિન નિમિત્તો મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે-એ-મિલાદના તહેવાર અન્વયે સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો.

મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના વિરપુર ગામના અને મુસ્લિમ સમાજના ધર્મગુરૂ સફીઉલ્લા બાવા, ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોશીયારા, નિવૃત્ત કલેકટર વી.ડી. અસારી, અજીતખાન મકરાણી,

ઐયુબભાઈ બાવજી, અસ્પાકભાઈ બેલીમ સહિત હિન્દુ અને મુસ્લિમ સમાજના સામાજીક, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





મુસ્લિમ સમાજના વડા ધર્મગુરૂ દ્વારા સૌને આશીર્વાદ આપ્યા હતા.મહંમદ પયગંબર સાહેબ ના જન્મ દિવસ નિમિત્તે ઈદે-એ-મિલાદના તહેવારની ઉજવણી કરાઈ હતી.હિન્દુ અને મુસ્લિમ બિરાદરોએ અરસ-પરસ મૈત્રી ભાવ રાખી તહેવારની ઉજવણી કરી હતી.

મુસ્લિમ સમાજના વડા ધર્મગુરૂએ ઈસ્લામ વિશે માહિતી આપી હતી.પવિત્ર કુરાન, મહાભારત અને રામાયણ, શીખ ગ્રંથ સહિતના ગ્રંથો વિશે જણાવ્યું હતું. ઈદ-એ-મિલાદ કાર્યક્રમમાં મુસ્લિમ અને હિન્દુ સમાજના સામાજીક, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.